## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામુ.

નં.એમએજી/વિશ્રામ/અતિથી ગૃહ/વશી.૧૯૫૨/૧૪
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી-બ્લોક,
જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત
તા.૦૫/૦૩/૨૦૧૪

ભારતના ચુંટણી આયોગ ધ્વારા લોક સભા સામાન્ય ચુંટણી-૨૦૧૪ તથા ૧૫૭-માંડવી વિધાન સભા મત વિભાગની પેટા ચુંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા.૩૦/૦૪/૨૦૧૪ ના રોજ રાખવામાં આવેલ છે. ભારતીય ચુંટણી પંચના પત્ર ક્રમાંકઃ-૪૩૭/૬/૩૮/૨૦૦૪- પીએલએન-૩, તા.૦૬/૦૪/૦૪ ની સુચના અનુસાર વિશ્રામગૃહ, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ બાબતે નિયંત્રણ રાખવા સુચના આપેલ છે.

આથી હું પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

૧. વિશ્રામ ગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે.
૨. કોઈ પણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણુ-વરંડા સહિત) નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચુંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહી. સરકારી વિશ્રામગૃહ, અતિથીગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પણ યોજી શકાશે નહી.
૩. ચુંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ-અતિથી ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભવોને લાવતા-લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.
૪. એકજ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહી તેમજ ચુંટણી પ્રચાર માટે આવતા કોઈ પણ મહાનુભવો મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ-અતિથીગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકશે નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૮/૦૫/૨૦૧૪ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ.૦૫/૦૩/૨૦૧૪ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

ADDITIONAL DISTRICT MAGISTRATE SURAT

(પ્રકાશ એન. મકવાણા)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

**નકલ જયભારત સહ રવાના-**

૧. નોડલ અધિકારીશ્રીઓ તમામ
૨. ચુંટણી અધિકારીશ્રી/મદદનીશ ચુંટણી અધિકારીશ્રીઓશ્રીઓ/ઝોનલ ઓફીસરશ્રી સુરત જીલ્લા તમામ તરફ.
૩. પોલીસ અધિક્ષકશ્રી,સુરત (ગ્રામ્ય) તરફ જાણવા તથા અમલ થવા સારૂ.(૨૦-નકલ)
૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત તરફ.
૫. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સીટી પ્રાંત/ઓલપાડ પ્રાંત/બારડોલી પ્રાંત/માંડવી પ્રાંત/કામરેજ પ્રાંત, જિ.સુરત.
૬. વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ/પોલીસ ઈન્સપેકટરશ્રીઓ/પોલીસ સબ ઈન્સપેકટરશ્રીઓ તમામ તરફ.
૭. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તમામ તરફ જાણવા-વ-અમલ થવા સારૂ.
૮. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તમામ/મુખ્ય અધિકારીશ્રી, નગર પાલિકા, તમામ તરફ
૯. ચીફ ઓફીસરશ્રી બારડોલી/માંડવી/કનકપુર-કનસાડ/તરસાડી નગર પાલીકા તરફ.
૧૦. પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જડજશ્રી, સુરત તરફ.
૧૧. પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર, સુરત તરફ.
૧૨. માહીતી નિયામકશ્રી, માહીતી ખાતું, સુરત તરફ.
    ૨/- હુકમની ૧૦- નકલો સાથે દૈનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધી આપવા સારૂ.
૧૩. મેનેજરશ્રી, સરકારી મુદ્રણાલય, વડોદરા તરફ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
૧૪. કચેરી મજકૂરની ચુંટણી શાખા/વહીવટ શાખા અને ગ્રામ પંચાયત ઈલેકશન શાખા, કલેકટર કચેરી, સુરત તરફ

**નકલ સવિનય રવાના-**

૧. અધિક સચિવશ્રી,ગૃહ વિભાગ,ગુજરાત રાજય,સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ તથા મંજુરી આપવા સારૂ
૨. મુખ્ય ચુંટણી અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ.